# ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછી શું?

BCA | BBA | B.Com. | BA | B.Voc. | BSW | CA | CS | LLB

## ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછીના પોપ્યુલર અભ્યાસક્રમો

- **CA/CS** એકાઉન્ટીંગ, ઓડીટ અને કંપની લૉ ક્ષેત્રમાં કેરીયર માટે. 5 થી 6 વર્ષ સખત મહેનત કરવાની તૈયારી હોવી જોઇએ.
- **BBA** બેન્ક અને ઇન્સ્યોરન્સ સેક્ટરમાં પુષ્કળ જોબના સ્કોપ છે. મોટા ભાગની જોબ્સ સેલ્સ અને માર્કેટીંગની હોય છે.
- **B.Com.** એકાઉન્ટીંગ અને ટેક્સેશનમાં (ઇન્કમટેક્સ, GST, વગેરે) રસ હોય એમના માટે. ઓફિસ જોબ સરળતાથી મળી જાય છે.
- **BCA** IT ક્ષેત્રમાં પ્રોગ્રામર, ડેવલોપર, ડીઝાઇનર કે ટેસ્ટર બનવા માટે. Girls સરળતાથી સફળ કેરીયર બનાવી શકે છે.
- **BA** શિક્ષક બનવાની ઈચ્છા હોય તો BA કર્યા બાદ B.Ed. કરી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં નોકરી મેળવી શકાય છે.
- **BSW** કોઈ પણ પરીસ્થિતીમાં સખત મહેનત તેમજ સમાજસેવા કરવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને જ અનુકુળ આવશે.
- **B.Voc.** કંપનીમાં ટેકનિશિયન તરીકે જોબ કરવા માટે. જોબ સરળતાથી મળી જાય છે પણ પગાર વધારો મર્યાદીત છે.
- **LLB** કાયદાના ક્ષેત્રમાં કેરીયર બનાવવી હોય એટલે કે વકીલ કે જજ બનવા માટે.

## ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછીના અભ્યાસક્રમો અને કેરીયર ઓપર્ચ્યુનિટી

| ક્રમ | કેરીયર | વાર્ષિક ફી[1] | કેરીયરની શરૂઆતમાં અંદાજીત મંથલી આવક[2] | 15-20 વર્ષ પછી મંથલી આવક[3] | ગુજરાતમાં દર વર્ષે નવી માંગ | નોકરીની તકો |
|---|---|---|---|---|---|---|
| 1 | CA | – | 30 હજાર થી 50 હજાર | 1 લાખ થી 5 લાખ | 500 | સ્થિર છે |
| 2 | CS | – | 30 હજાર થી 50 હજાર | 1 લાખ થી 3 લાખ | 200 | સ્થિર છે |
| 3 | BCA<br>BCA + MCA | 25 હજાર થી 1 લાખ<br>MCA: 60 હજાર થી 1.5 લાખ | 15 હજાર થી 30 હજાર<br>30 હજાર થી 1 લાખ | 50 હજાર થી 2 લાખ<br>1.5 લાખ થી 5 લાખ | 20,000<br>15,000 | ઝડપથી વધે છે<br>ઝડપથી વધે છે |
| 4 | BBA<br>BBA + MBA | 25 હજાર થી 1 લાખ<br>MBA: 60 હજાર થી 1.5 લાખ | 12 હજાર થી 20 હજાર<br>20 હજાર થી 1 લાખ | 50 હજાર થી 1 લાખ<br>1.5 લાખ થી 3 લાખ | 10,000<br>5,000 | વધે છે<br>વધે છે |
| 5 | B.Com. | 25 હજાર થી 1 લાખ | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 5,000 | વધે છે |
| 6 | LLB | – | 12 હજાર થી 20 હજાર | 1 લાખ થી 3 લાખ | 2,000 | સ્થિર છે |
| 7 | B.Voc. | 20 હજાર થી 80 હજાર | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 3,000 | સ્થિર છે |
| 8 | BA | 20 હજાર થી 80 હજાર | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 3,000 | સ્થિર છે |

1: વાર્ષિક ફી પ્રાઇવેટ (SFI) કોલેજોની છે. 2: 2025-26ના માર્કેટ સર્વે પ્રમાણે. 3: જો કોઇએ 2008માં કેરીયર સ્ટાર્ટ કરેલ હોય તો 2025-26માં અંદાજીત મંથલી આવક.
# આ એનાલિસીસ 90% વિદ્યાર્થીઓના આધારે છે. 10% અપવાદરૂપનો સમાવેશ નથી. આવકનું ધોરણ નોકરીયાતના પગારના આધારે છે, બિઝનેસની આવકના આધારે નહી.

## EXPERT OPINIONS

“ સામાન્ય પ્રવાહના મોટા ભાગના કોર્ષ સોફ્ટ સ્કીલ્સ આધારીત હોવાથી એવી જ કોલેજ પસંદ કરવી જોઇએ કે જેમાં સોફ્ટ સ્કીલ્સ પર ખાસ ધ્યાન આપવામાં આવતું હોય.
(Attitude, Confidence, Commitment, Critical Thinking, Maturity, Stress Handling, Team Work, etc.) ”

“ હોંશિયાર વિદ્યાર્થીઓએ (ધો.10માં 99+PR) ધો. 11ની શરૂઆતથી જ IPMAT, JIPMAT, CLAT, CUET, વગેરે એન્ટ્રન્સ ટેસ્ટની તૈયારી શરૂ કરી દેવી જોઇએ કારણકે, સફળતાનો દર 2-3% જ હોય છે. ”

“ ગર્લ્સ માટે સરળતાથી સફળ પ્રોફેશનલ કેરીયર બનાવવા માટે BCA બેસ્ટ ઓપ્શન છે. ”

# ધો.10/12નું રીઝલ્ટ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિના આધારે કોમર્સ ફીલ્ડના કેરીયર ઓપ્શન્સ

- વિદ્યાર્થીમિત્રો, ધો. 10/12નું રીઝલ્ટ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિના આધારે કોર્ષની પસંદગી કરશો તો કેરીયરમાં સરળતાથી સફળતા મેળવી શકશો.
- અમુક કોર્ષ/કોલેજમાં વિવિધ એન્ટ્રન્સ ટેસ્ટના આધારે એડમીશન આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીએ ધો.11ની શરૂઆતથી જ એન્ટ્રન્સ ટેસ્ટની તૈયારી શરૂ કરી દેવાની હોય છે, માટે ધો.10ના રીઝલ્ટના આધારે નિર્ણય લેવો પડે છે. અહી આપેલ માહિતી તમને સચોટ નિર્ણય લેવામાં મદદરૂપ થશે.

## 1 ધો.10માં 99+PR હોય અને વર્ષે 4 - 5 લાખ ફી પોસાય એમ હોય એવા વિદ્યાર્થીઓ માટે Integrated BBA+MBA @ IIMs

- IPMAT/JIPMAT પરીક્ષાના આધારે IIMs, IIFT, NALSAR, TAPMI, Nirma વગેરે કોલેજોના 5 વર્ષના Integrated (BBA+MBA) કોર્ષમાં એડમીશન મેળવી શકાય છે.
- IPMAT અને JIPMAT કોમ્પ્યુટર આધારીત ઓનલાઇન ટેસ્ટ છે **જે માત્ર અંગ્રેજીમાં જ આપી શકાય છે.**
- IPMAT અને JIPMATના ફોર્મ ફેબ્રુઆરી/માર્ચમાં ભરાય છે અને પરીક્ષા મે/જુનમાં લેવાય છે.

| IPMAT Exam Pattern | |
|---|---|
| **Section** | **Que.** |
| Quantitative Ability | 45 |
| Verbal Ability | 45 |

Correct Answer : +4 marks, Wrong Answer: -1, Unanswered: 0

| JIPMAT Exam Pattern | |
|---|---|
| **Section** | **Que.** |
| Quantitative Aptitude | 33 |
| Data Interpretation & Logical Reasoning | 33 |
| Verbal Ability & Reading Comprehension | 34 |

https://iimidr.ac.in, https://exams.nta.ac.in/JIPMAT

| Sr. | College | Fees (LPA) | Salary (LPA) | Sr. | College | Fees (LPA) | Salary (LPA) | Sr. | College | Fees (LPA) | Salary (LPA) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | IIM, Indore | 5.54 | 27.00 | 4 | IIM, Rohtak | 6.22 | 17.00 | 7 | TAPMI, Karnataka | 5.50 | 13.99 |
| 2 | IIFT Kakinanda-AP | 4.00 | 25.00 | 5 | NALSAR - Hyderabad | 4.47 | 16.00 | 8 | IIM, Bodh Gaya, Bihar | 5.00 | 12.00 |
| 3 | IIM, Ranchi | 5.70 | 17.64 | 6 | IIM, Jammu | 3.92 | 15.00 | 9 | Nirma, Ahmedabad | *3.50 | 11.22 |

**Salary:** Median Package as per College Website or NIRF Report 2025 **Fees:** Tuition + Hostel Fees *: Only Tuition Fees

IPMAT Indore એક્ઝામ દ્વારા IIM Indore, Shillong, Ranchi, NALSAR, NIRMA, TAPMI, IIFT અને Alliance Universityમાં; IPMAT Rohtak એક્ઝામ દ્વારા IIM Rohtak, NALSAR, TAPMIમાં; અને IIM Amritsarમાં પોતાની IPMAT એક્ઝામ દ્વારા તથા JIPMAT એક્ઝામ દ્વારા IIM Jammu, IIM Bodhgaya, NALSAR, TAPMI વગેરે યુનિવર્સિટીઓમાં એડમિશન મળવાપાત્ર છે.

**ધો.–12 પછી તરત જ IIMsમાં એડમીશન મેળવવા માટે IPMAT અને JIPMAT એ ગોલ્ડન ઓપર્ચ્યુનિટી છે.**

## 2 ધો.10માં 99+PR હોય અને વર્ષે 3 - 4 લાખ ફી પોસાય એમ હોય એવા વિદ્યાર્થીઓ માટે LLB @ National Law Universities (NLU)

- Common Law Admission Test (CLAT) પરીક્ષાના આધારે દેશભરની 26 NLUsના 5 વર્ષના Integrated (BA/BBA/B.Com/BSc+LLB) Honors કોર્ષમાં પ્રવેશ મેળવી શકાય છે.
- Corporate Law, Environmental Law, Property Law, Criminal Law, Labour & Industrial Law, Administrative Law, IP Law, વગેરેમાં પ્રોફેશનલ કેરીયર બનાવી શકાય છે.
- CLATના ફોર્મ જુલાઈ થી નવેમ્બર સુધી https://consortiumofnlus.ac.in પર ભરવામાં આવે છે અને પરીક્ષા ડિસેમ્બરમાં હોય છે.
- MCQ આધારીત 2 કલાકની ઓફલાઈન ટેસ્ટ છે **જે માત્ર અંગ્રેજીમાં આપી શકાય છે.**
- NLUs ઉપરાંત BITS, NMIMS, SRM, Mahindra, Nirma, NFSU વગેરે જેવી 39+ નામાંકીત યુનિવર્સિટીના Law કોર્ષમાં CLATના સ્કોર પરથી પ્રવેશ મેળવી શકાય છે.

| CLAT Exam Pattern (MCQ based) | | |
|---|---|---|
| **Section** | **Que.** | **Weightage** |
| English Language | 22-26 | 20% |
| Current Affairs + GK | 28-32 | 25% |
| Legal Reasoning | 28-32 | 25% |
| Logical Reasoning | 22-26 | 20% |
| Quantitative Techniques | 10-14 | 10% |

Correct Answer: +1 Marks, Wrong Answer: -0.25, Unanswered: 0

**Top 10 NLUs**

| Sr. | College | Tution Fees LPA | Median Salary LPA | Sr. | College | Tution Fees LPA | Median Salary LPA |
|---|---|---|---|---|---|---|---|
| 1 | WBNUJS, Kolkata | 1.60 | 20.00 | 6 | NLUO, Odisha | 1.20 | 14.00 |
| 2 | GNLU, Gandhinagar | 1.20 | 18.00 | 7 | CNLU, Patna | 1.26 | 10.80 |
| 3 | NALSAR, Hyderabad | 1.65 | 17.50 | 8 | MNLU, Mumbai | 1.54 | 10.00 |
| 4 | NLIU, Bhopal | 1.51 | 16.00 | 9 | NUSRL, Ranchi | 1.50 | 9.33 |
| 5 | NLSIU, Bengaluru | 2.96 | 16.00 | 10 | RGNUL, Punjab | 1.55 | 9.00 |

**Salary:** Median Package as per College Website or NIRF Report 2025

## 3 ધો.10માં 99+PR હોય અને વર્ષે 3 - 4 લાખ ફી પોસાય એમ હોય એવા વિદ્યાર્થીઓ માટે Actuarial Science

- મેથ્સ અને સ્ટેટેસ્ટિક્સનો ઉપયોગ કરીને કંપનીઓને ફાઇનાન્સિયલ રીસ્ક મેનેજમેન્ટ અને સ્ટેબીલીટી પૂરી પાડવાનું કામ એક્ચ્યુરિયલ સાયન્સનું છે.
- IAQS, Mumbai (https://iaqs.in)માં B.Sc. in Actuarial Science & Quantitative Financeનો કોર્ષ ઓફર કરવામાં આવે છે. જેમાં QAT અને ACET પરીક્ષાના સ્કોરના આધારે એડમીશન આપવામાં આવે છે. વાર્ષિક ફી 2 લાખ છે જયારે એવરેજ વાર્ષિક પ્લેસમેન્ટ પેકેજ 11 લાખ છે.
- QAT માર્ચ થી મે દરમ્યાન અને ACET મે થી ડિસેમ્બરમાં લેવાય છે. QAT અને ACET MCQ આધારીત ઓનલાઇન ટેસ્ટ છે **જે માત્ર અંગ્રેજીમાં લેવાય છે.**
- QATમાં English અને Maths & Statistics સિલેબસમાં હોય છે. જયારે ACETમાં English, Maths, Statistics, Data Interpretation અને Logical Reasoning સિલેબસમાં હોય છે. વધુ માહિતી માટે https://iaqs.in/qat અને https://actuariesindia.org વેબસાઇટની વિઝીટ કરવી.

## 4 ધો.10માં 99+PR હોય અને વર્ષે 1 લાખ ફી પોસાય એવા વિદ્યાર્થીઓ માટે CUETના આધારે નેશનલ લેવલની ટોપ કોલેજોમાં એડમીશન

- 250+ નેશનલ લેવલની યુનિવર્સિટીઓમાં BBA, BCA, B.Com., BA વગેરે કોર્ષમાં CUET પરીક્ષાના આધારે એડમીશન આપવામાં આવે છે.
- CUET 3 કલાકની કોમ્પ્યુટર આધારીત ટેસ્ટ (CBT) છે, જેના ફોર્મ ફેબ્રુઆરીમાં ભરાય છે અને પરીક્ષા મે મહિનામાં લેવાય છે.
- પરીક્ષા અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષામાં આપી શકાય છે. પરીક્ષાનું ફોર્મ https://exams.nta.ac.in/CUET-UG વેબસાઈટ પર ભરી શકાશે.
- **હોંશિયાર વિદ્યાર્થીઓએ CUETની પરીક્ષા ચોક્કસ આપવી જોઈએ.** ગુજરાતમાં રાજકોટ, જામનગર, જુનાગઢ, ભુજ સહિત કુલ 16 એક્ઝામ સેન્ટર છે.

| CUET Exam Pattern | |
|---|---|
| 1 | **Languages:** અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, અન્ય 30 ભાષામાંથી પસંદગીની ભાષાના સાહિત્ય અને શબ્દભંડોળ આધારીત પ્રશ્નો હોય છે. |
| 2 | **Domain Specific Subject:** જે તે સ્ટ્રીમને રિલેટેડ વિષયોને લગતા પ્રશ્નો હશે. જેમ કે, કોમર્સના વિદ્યાર્થીઓને એકાઉન્ટ, બિઝનેસ સ્ટડીઝ, કોમ્પ્યુટર સાયન્સ, ઈકોનોમિક્સ, એન્ટરપ્રેન્યોરશીપ, લીગલ સ્ટડીઝ, વગેરે. |
| 3 | **General Test:** જનરલ નોલેજ, એપ્ટિટ્યુડ, રીઝનિંગ વગેરેને લગતા પ્રશ્નો હોય છે. |

Correct Answer : +5 marks, Wrong Answer: -1, Unanswered: 0

**List of Top Central/State/Deemed/Private Universities:**

| College | NIRF Rank | Salary (LPA) | College | NIRF Rank | Salary (LPA) |
|---|---|---|---|---|---|
| IIM, Sambalpur (CU) | 34 | 13.15 | BML Munjal University (PU) | 77 | 9.00 |
| Madan Mohan Malaviya University (SU) | 83 | 13.00 | SRM Institute of Science & Tech. (DU) | 56 | 8.65 |
| Babasheb Ambedkar University (CU) | 79 | 12.78 | UPES, Dehradun (PU) | 36 | 8.25 |
| Banaras Hindu University (CU) | 60 | 12.10 | Chandigarh University (PU) | 32 | 8.00 |
| Chitkara University (PU) | 78 | 9.62 | ICFAI, Hyderabad (DU) | 46 | 8.00 |

**Salary:** Median Package as per College Website or NIRF Report 2025

**CU:** Central University, **SU:** State Universty, **DU:** Deemed University, **PU:** Private University

**CUET પરીક્ષાના આધારે એડમીશન માટે કોમન પ્રોસેસ કે કમિટી નથી. દરેક યુનિવર્સિટી પોતાના એડમીશન પોતાની રીતે જ કરે છે. માટે જે યુનિવર્સિટીમાં એડમીશન લેવુ હોય તેની વેબસાઈટ પર ફોર્મ ભરવાનું રહેશે.**

## 5 ધો.10માં 99+PR હોય અને કુટુંબની આર્થિક પરિસ્થિતી મધ્યમ હોય એવા વિદ્યાર્થીઓ માટે CA & CS

- મેથ્સ બહુ સારૂ હોય, ફાઈનાન્સમાં રસ હોય અને ધીરજ રાખીને 5-6 વર્ષ હાર્ડવર્ક કરવું હોય તેમના જ માટે.
- **Most Important:** મેડીકલ કે એન્જીનીયરીંગમાં એડમીશન મળે એટલે 99% ગેરન્ટી છે કે ડોક્ટર કે એન્જીનીયર બનશે જ, પરંતુ CAમાં એવુ નથી. ધો. 12 પછી CA બનવા માટે 3 પરીક્ષા પાસ કરવાની હોય છે. ફાઉન્ડેશન, ઈન્ટરમીડીયેટ અને ફાઈનલ. મોટાભાગના વિદ્યાથીઓ 1-2 પ્રયત્ને ફાઉન્ડેશનની પરીક્ષા પાસ કરે છે, ત્યારબાદ મહેનત કરીને 2-3 પ્રયત્ને ઈન્ટરમીડીયેટની પરીક્ષા પણ પાસ કરે છે, પણ અંતે ફાઈનલમાં અટકી જાય છે. લાઈફના કેરીયર બનાવવાના અમુલ્ય 4-5 વર્ષ વેડફ્યા બાદ નિરાશા સાંપડે છે અને અંતે સામાન્ય નોકરી કરે છે.

| CA Exam | Result |
|---|---|
| Foundation | 30% |
| Intermediate | 13% |
| Final | 8% |

**ખાસ ધ્યાનમાં રાખવું કે ગુજરાતમાં દર વર્ષે ધો.12 કોમર્સમાં 4,25,000 જેટલા વિદ્યાર્થીઓ હોય છે જેમાંથી માત્ર 500 જેટલા વિદ્યાથીઓ જ CA બની શકે છે. (સફળતાનો દર માત્ર 0.11%)**

## 6 જો Indiaની રેપ્યુટેડ કોલેજમાંથી BBA કે B.Com. કરવું હોય તો વર્ષે અંદાજીત 4 - 5 લાખ જેટલો ખર્ચ થશે

- XIM-Bhubaneswar, Christ-Bangalore, TAPMI-Manipal, Pune Uni., JD Birla-Kolkata, SS College-Delhi, Amity Uni., MCC-Chennai, SIBM-Pune, NMIMS-Mumbai, Ashoka-Haryana, Flame-Pune વગેરે જેવી નામાંકિત યુનિવર્સિટીઓમાં વાર્ષિક 2 લાખ થી 9 લાખ સુધીની ફી હોય છે.
- જો વિદ્યાર્થીના કુટુંબની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ સારી હોય અને રેપ્યુટેડ કોલેજમાં ભણવું હોય એમના માટે જ સલાહભર્યુ છે. ખાસ કરીને સારૂ નેટવર્ક ધરાવતા પેરેન્ટ્સ અને Elite કલાસના બાળકોને વધારે અનુકુળ આવશે.

## 7 ફેમિલી બિઝનેસમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે Family Business & Entrepreneurship કોર્ષ

- વેલસેટ ફેમિલી બિઝનેસ ધરાવતા વિદ્યાર્થીઓએ Family Business & Entrepreneurshipના સ્પેશ્યલાઈઝ્ડ કોર્ષમાં એડમીશન લેવું હિતાવહ છે.

| College | Fees/Year | College | Fees/Year | College | Fees/Year |
|---|---|---|---|---|---|
| Ahmedabad University | 4,95,000 | Jindal Global Business School | 3,85,000 | Amity University | 2,09,000 |
| MIT World Peace University | 4,25,000 | BML Munjal University | 2,72,000 | SGT University | 2,00,000 |

## 8 ધો.12માં 90+PR હોય અને વર્ષે 1 લાખ ફી પોસાય એવા વિદ્યાર્થીઓ માટે Specialization Courses

- 21મી સદીના ડિજીટલ અને ઈન્ટરનેટ યુગમાં ટ્રેડીશનલ જોબના બદલે ટેક્નોલોજી આધારીત જોબ ખૂબ જ બહોળા પ્રમાણમાં વધી રહી છે જેથી વિદ્યાર્થીઓએ Digital Marketing, Data Science, Business Analytics, વગેરે જેવા ટેક્નોલોજી આધારીત સ્પેશ્યલાઈઝ્ડ કોર્ષ પસંદ કરવા જોઈએ.
- BBA બાદ સામાન્યપણે Rs. 12,000 થી Rs. 15,000ની જોબ મળે છે જેમાં ફીલ્ડ વર્ક હોય છે પરંતુ સ્પેશ્યલાઈઝ્ડ કોર્ષ કર્યા બાદ Rs. 18,000 થી Rs. 25,000ની જોબ મળે છે જેમાં ઓફીસ વર્ક વધારે હોય છે. આ ઉપરાંત કેરીયરમાં ગ્રોથ પણ ઝડપથી મળે છે.
- ગુજરાતની ઘણી નામાંકીત યુનિવર્સિટીઓ દ્વારા નવા જમાનાના ટેકનોલોજી આધારીત સ્પેશ્યલાઈઝ્ડ કોર્ષ ઓફર કરવામાં આવે છે.

## 9 ધો.12માં 80+PR હોય અને વર્ષે 1 - 5 લાખ ફી પોસાય એમ હોય એવા વિદ્યાર્થીઓ માટે Best Institutes within Gujarat

- ગુજરાતમાં Nirma Uni., Ahmedabad Uni. (AU), PDEU, B K Business School, IIS જેવી કોલેજોમાં વાર્ષિક ફી 1 લાખ થી 5 લાખ સુધીની હોય છે.
- રાજકોટની પ્રાઈવેટ યુનિવર્સિટીઓ જેવી કે Atmiya, Darshan, Marwadi, RKU, વગેરેમાં વાર્ષિક ફી 1 લાખ સુધીની હોય છે.

## 10 ઓછી ફીમાં ભણવું હોય એવા વિદ્યાર્થીઓ માટે Government Universities & Affiliated Colleges

- ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટી જેવી કે, ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, GTU, MSU, સરદાર પટેલ યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, વગેરેમાં તેમજ એમની સાથે સંલગ્ન કોલેજો જેવી કે, મહિલા કોલેજ–રાજકોટ, R.P. ભાલોડિયા કોલેજ–રાજકોટ, વગેરેમાં એડમીશન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ (https://gcas.gujgov.edu.in) પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
- **જો વિદ્યાર્થી નિયત સમયમર્યાદામાં ઓનલાઈન રજીસ્ટ્રેશન નહી કરાવે તો GCAS એડમીશન પ્રોસેસમાં ભાગ લઈ શકશે નહી.**
- **મેડીકલ, પેરામેડીકલ, એન્જીનીયરીંગ, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, ફાર્મસી વગેરે કોર્ષના એડમીશન માટે GCAS લાગુ પડશે નહી.**
- **પ્રાઈવેટ યુનિવર્સિટીઓ** જેવીકે, Nirma Uni., PDEU, Ahmedabad Uni. (AU), Atmiya, Darshan, Marwadi, RKU વગેરેમાં એડમીશન મેળવવા માટે **GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન જરૂરી નથી.** એમના માટે જે–તે યુનિવર્સિટીનો ડાયરેક્ટ સંપર્ક કરવો.

**ટૂંકમાં...**

| વાર્ષિક ફીનું ધોરણ | જો ધો.10માં 99PR+ હોય તો જ | PRને ધ્યાનમાં રાખ્યા વગર |
|---|---|---|
| **Rs. 4 - 5 લાખ** | 1. Integrated BBA+MBA @**IIMs** | 6. Top Institutes of **India** |
| **Rs. 3 - 4 લાખ** | 2. LLB @**NLUs**<br>3. Actuarial Science @**IAQS** | 7. **Family Business** Courses |
| **Rs. 1 - 2 લાખ** | 4. Courses through **CUET** | 8. **Specialization** Courses<br>9. Top Institutes of **Gujarat** & Private Universities of **Rajkot** |
| **Rs. 1 લાખથી ઓછી** | 5. **CA** / **CS** | 10. Govt. Universities & Affiliated Colleges through **GCAS** |

## કોર્ષની પસંદગી કેવી રીતે કરવી?



કોર્ષની પસંદગી...

...એ **ચપટી વગાડવા** જેટલું સરળ છે.

| બિઝનેસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે | જોબ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે | પ્રોફેશનલ બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે |
|---|---|---|
| 1. BBA | 1. BCA | 1. CA |
| 2. B.Com. | 2. BBA | 2. CS |
| 3. BCA | 3. B.Com. | 3. LLB |

ધો. 12 સામાન્ય પ્રવાહ પછીના એડમીશન, વિવિધ એન્ટ્રન્સ ટેસ્ટ (IPMAT, JIPMAT, CUET, CLAT વગેરે), GCAS રજીસ્ટ્રેશન પ્રોસેસ વગેરેની સચોટ માહિતી સમયસર મેળવવા માટે **QR Code** સ્કેન કરીને **WhatsApp** ગ્રુપ જોઈન કરો.

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદર્શન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઈપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કેરીયરની પસંદગીનો નિર્ણય કરવો જોઈએ.

**Darshan UNIVERSITY**
योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979973, 7096979952